# જિલ્લામાં ૬ હજારથી વધુ મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રોનો નાશ કરાયો

**ત્રણ હજાર જેટલા તાવના દર્દી મળ્યા : ૯૯ ટકા કામગીરી સર્વેલન્સની સંપન્ન થઈ : 'મેલેરિયાને મહાત કરવા તૈયાર છીએ' થીમ પર વર્ષની ઉજવણી કરાશે**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત રાખવા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૯૯ ટકા જેટલી કામગીરી આજે પૂર્ણ થઈ ગઈ છે અને સોમવારે આ કામગીરી ૧૦૦ ટકા સંપન્ન થઈ જશે તેમ તંત્રએ દાવો કર્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬ હજારથી પણ વધુ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્ર દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી છે.

આ અભિયાન દરમ્યાન ત્રણ હજાર જેટલા તાવના દર્દીઓ મળ્યા હતા. જે પૈકી ૨૫૦૦ જેટલા દર્દીઓના લોહીના નમૂનાની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે અને મેલેરિયાનો એક પણ પોઝીટીવ કેસ મળ્યો નથી.

જિલ્લામાં આજે સર્વેલન્સની કામગીરીનો અંતિમ દિવસ હતો અને છેલ્લે દિવસે ૨.૬૯ લાખ વ્યક્તીઓને આવરી લેવામાં આવી હતી. ૫૨૭૪૭ મકાનોની ચકાસણી કરાઈ હતી જેમાંથી ૧૫૧૧ જેટલા સ્થાનો પર મચ્છરોના બ્રીડીંગ મળ્યા હતા. જ્યાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુક્ત ગુજરાત બનાવવાના મિશન માટે આ વર્ષે 'અમે તૈયાર છીએ મેલેરિયા હટાવવા''નું સ્લોગન અને થીમ પર સમગ્ર વર્ષ દરમ્યાન કામ કરવામાં આવશે. જિલ્લામાં આ વર્ષે મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો થશે તેવો આશાવાદ તંત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. મેલેરિયા અને વાહકજન્ય રોગચાળાનો આરંભ થાય તે પહેલાં જ ૬ હજાર જેટલા ઉત્પત્તિ કેન્દ્રો ગ્રામ્ય વિસ્તારમાં નાશ કરાયા છે જે કેસો ઘટશે તેવા સંકેતો આપે છે. આ વખતે સર્વેલન્સની સાથે લોકજાગૃતિ અભિયાન પણ સફળ રહ્યુ હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યું છે.



વૃક્ષ વચ્ચે ઢંકાયા સાઈન બોર્ડ - શહેરના મુખ્ય માર્ગો પરના સાઈન બોર્ડમાં ઘણા સ્થાનોએ વૃક્ષોની ડાળીઓ આડશ બની ગઈ છે... વખતો વખત ટ્રીમીંગ કરવામાં વિલંબને કારણે સાઈન બોર્ડ ઢંકાઈ જાય છે... જેના પગલે બહારગામથી આવતા મુલાકાતીઓને હાલાકીમાં મુકાવવું પડે છે... જોકે વન વિભાગ દ્વારા વારંવાર કાળજી લેવામાં આવી રહી છે... શહેરના આંતરિક માર્ગો પર આવેલા વૃક્ષોનું ટ્રીમીંગની કામગીરી ચાલતી હોવાથી મુખ્ય માર્ગો પર ટ્રીમીંગની કામગીરી ટૂંક જ સમયમાં આરંભાશે....

# શહેરના સેક્ટરોની ગટરલાઈનના દુરસ્તીકરણ માટે ૧ કરોડ ખર્ચાશે

**ગટર લાઇનની ફરિયાદો ડામવા ઉપરાંત નવી લાઇન નાંખવાનુ કામ પણ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૭

શહેરના સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થાની જેમ ગટરલાઈન પણ દાયકાઓ જુની છે. સેકટરોમાં છાશવારે ગટરો ઉભરાતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામે છે. આવા સંજોગોમાં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે તેમજ નવી લાઈન નાંખવા માટે રૂ ૧ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં ગટર લાઈનને અનુલક્ષી વારંવાર ફરિયાદો ઉઠવા પામે છે. સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો વધી છે. ત્યારે ગટર ચેમ્બરો પણ તુટવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. ગટર લાઈનની ક્ષમતા સામે પણ પ્રશ્નાર્થ ઉભો થયો છે. સેકટરની વસતી અને વિકાસ મુજબ ગટર લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. શહેરમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદોના નિવારણ માટે તંત્ર પાસે મેન પાવર અને મશીનરીનો પણ અભાવ વર્તાય છે. ત્યારે આ મામલે પણ કાંઈ વિશેષ આયોજન થઈ શકયુ નથી. જયારે ગટર લાઈનની ફરિયાદોને ડામવા માટે નવતર આયોજન પણ થયુ નથી. જેના લીધે સેકટરવાસીઓએ પારાવાપર હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે આ ફરિયાદોને હળવી કરવા માટે બજેટમાં ગટર લાઈનને અપગ્રેડ કરવા તેમજ જરૂરી ઠેકાણે નવી લાઈન નાંખવા માટે રૂ ૧ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આગામી દિવસોમાં ફરિયાદોને અનુલક્ષી ગટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવશે.



ગુણોત્સવ અંતર્ગત પ્રવાસન સચિવ તેમજ જિલ્લા વન અધિકારીએ બબલપુરા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. આ દરમિયાન પ્રવાસન સચિવ એસ જે હૈદરે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સાથે પણ ચર્ચા અને પ્રશ્નોતરી કરી હતી. જીલ્લા વન અધિકારી અતુલભાઈ અમીને જીવનનો પ્રત્યેક દિવસ કસોટી સમાન હોવાનુ જણાવી પરીક્ષાનો હાઉ ન રાખવા માટે પણ વિદ્યાર્થીઓને સમજણ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી કરી હતી. જયારે ગામના સરપંચ તેમજ મહીલાઓ સાથે પણ ગ્રામ વિકાસ સહીત ગામના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

# શહેરમાં ૨૪ કલાક પાણી માટે રીપોર્ટ તૈયાર

**વર્ષના અંત સુધીમાં જુના સેકટરોમાં ૨૪ કલાક પાણી આપવાની યોજના અમલી બનાવવા માટે વિચારણા**

ગાંધીનગર તા ૭

શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત ૨૪ કલાક પાણી પુરવઠો પુરો પાડવાની યોજના અન્વયે એજન્સી દ્વારા રીપોર્ટ તૈયાર કરી દેવાયો છે. નગરના જુના સેકટરોને અનુલક્ષી આ રીપોર્ટ તૈયાર કરી દેવાયો છે. જયારે તંત્ર દ્વારા આ રીપોર્ટ વિભાગને સુપ્રત કરી દેવામાં આવ્યો છે. આગામી દિવસોમાં આ યોજનાને અનુલક્ષી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વર્ષના અંત સુધીમાં જુના સેકટરોમાં પ્રાયોગિક ધોરણે આ વ્યવસ્થા મુજબ સપ્લાય કરવાનુ આયોજન કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન ૫૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે પાણીના માથાદીઠ વપરાશમાં ગાંધીનગર દેશમાં પ્રથમ સ્થાને આવે છે. અલબત્ત ગાંધીનગરમાં દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણી સપ્લાય કરવામાં આવે છે. આમછતા પાણીની પોકાર ઉઠતી રહે છે. શહેરીજનો માટે પર્યાપ્ત પાણી પુરવઠો સપ્લાય થતો હોવાછતા પાણીના પ્રશ્ને સતત ફરિયાદો ઉઠતી રહે છે. આવા સંજોગોમાં પાણીના સપ્લાય સામે બગાડ પણ વિશેષ થતો હોવોનો સુર ઉઠવા પામ્યો છે. રોજનુ લાખો લીટર પાણી વેડફાય છે. ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરવામાં આવતા આનુસંગિક સુવિધાઓને પણ અપગ્રેડ કરવાની દીશામાં પ્રયાસો શરૂ કરી દેવાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાદળછાયા વાતાવરણના પગલે ગરમીમાં રાહત

ગાંધીનગર,તા. ૭

ગાંધીનગર સહિત રાજ્યમાં ગરમીનુ પ્રમાણ યથાવત રહ્યુ છે. આજે તાપમાનમાં નહીંવત ફેરફારની સ્થિતી જોવા મળી હતી. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા ઉંચા તાપમાનને લઈને કોઈ ચેતવણી જારી કરવામાં ન આવતા તંત્રે રાહતનો દમ લીધો છે. વધતી ગરમી વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો નોંધાઈ રહ્યા છે.આજે દિવસ દરમિયાન આંશિક વાદળછાયુ વાતાવરણ રહેતા લોકોને તીવ્ર તાપથી રાહત મળી હતી.

હિટવેવની કોઈ ચેતવણી તંત્ર તરફથી જારી કરાઈ નથી પરંતુ ગરમીનો અનુભવ જોરદારરીતે થઈ રહ્યો છે જેથી ચક્કર આવવાના, બેભાન થવાના, પેટમાં દુખાવો થવાના, બ્લડપ્રેશરના ઈમરજન્સી કેસોમાં વધારો થયો છે.

અમદાવાદમાં ઈમરજન્સી કેસોમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. ગરમીના લીધે જનજીવન પણ ખોરવાઈ ગયું છે. લોકો બપોરના ગાળામાં ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. દિવસ દરમિયાન ગરમ પવનો ફુંકાઈ રહ્યા છે. અલબત્ત સાંજે આંશિક રાહત જોવા મળી રહી છે.પવનોની ગતિ અને પદ્ધતિ બદલાઈ રહી છે.હવામાન વિભાગ તરફથી એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર થનાર નથી.

અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન આંશિક રીતે ઘટીને ૩૯ ડિગ્રી રહ્યુ હતુ. બીજી બાજુ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગરમીના પ્રમાણમાં વધારો થતાં લોકો ગરમીનો અનુભવ જોરદાર રીતે કરી રહ્યા છે.

હાલમાં વધારે સાવધાન રહેવાની જરૂર દેખાઈ રહી છે. બિનજરૂરીરીતે ઘરની બહાર ન નિકળવાની સલાહ નિષ્ણાંત તબીબો આપી રહ્યા છે. આ ઉપરાંત બહારની કોઈ ચીજવસ્તુઓનો ઉપયોગ ન કરવાની પણ સલાહ લોકો આપી રહ્યા છે.

# આસારામ કેસમાં ૨૫મીએ ચુકાદો

ગાંધીનગર, તા. ૭

જોધપુર સેંટ્રલ જેલમાં છેલ્લા પાંચ વર્ષથી હવા ખાઈ રહેલા રેપના આરોપી આસારામના મામલામાં સુનાવણી પૂર્ણ કરી લેવામાં આવી છે. એસસી-એસટી કોર્ટ ૨૫મી એપ્રિના દિવસે આ કેસમાં ચુકાદો આપનાર છે. આ મામલો ઉત્તર પ્રદેશના શાહજહાપુરમાં રહેતી પિડિતા સાથે સંબંધિત છે. વર્ષ ૨૦૧૩માં શાહજહાપુરની ૧૬ વર્ષીય યુવતીએ આસારામ પર તેમના જોધપુર આશ્રમમાં બળાત્કાર ગુજારવાનો આક્ષેપ કર્યો હતો. દિલ્હીના કમલા માર્કેટ પોલીસ સ્ટેશનમાં આ કેસ દાખલ કરવામાં આવ્યા બાદ જોધપુર ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૨૮મી ઓગસ્ટના દિવસે રેપના આ મામલામાં કોર્ટ કાર્યવાહીમાં વિલંબને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે મામલાની સુનાવણીમાં વિલંબ થવાને લઈને નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, બિનજરૂરી વિલંબ થઈ રહ્યો છે. સાક્ષીઓ ઉપર હુમલા કરવામાં આવી રહ્યા છે. હુમલાના કારણે બે સાક્ષીઓના મોત પણ થઈ ચુક્યા છે.

## સેકટરોની પોસ્ટ કચેરીમાં ગ્રાહકોની મુંઝવણો દુર કરવા માટે ડાક અદાલતમાં રજુઆત

ગાંધીનગર તા ૭

શહેરની પોસ્ટ કચેરીઓમાં કોમ્પ્યુટર કનેકટીવીટી યોગ્ય કરવા સર્વર ડાઉનની ફરિયાદો નિવારી ગ્રાહકોને યોગ્ય સેવા પુરી પાડવા માટે આયોજન કરવા ડાક અદાલતમાં શહેર વસાહત મહામંડળે રજુઆત કરી હતી. તેમજ ગુડા વિસ્તારમાં પણ ટપાલ સેવાને અસરકારક બનાવવા માટે સુચવાયુ હતુ.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ શહેર તેમજ ગુડા વિસ્તાર જિલ્લામાં સમાવેશ થયેલા અન્ય વિસ્તારમાં ડાક અંગેના પ્રશ્નો દિનપ્રતિદિન જટીલ બનતા

● અનુસંધાન પાન-૭ પર

# જાહેર બગીચામાં પ્રવેશ ફીની દરખાસ્ત સામે કોંગ્રેસનો વિરોધ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભારતીય જનતા પક્ષના સત્તાધીશો દ્વારા ઉદ્યાનોમાં પણ પ્રવેશ ફી લાગુ કરવાના નિર્ણયનો ઉગ્ર વિરોધ આજે કોંગ્રેસ પક્ષે કર્યો છે.

પ્રજાના પૈસા લૂંટવાની આ નીતિ સામે આકરો રોષ વ્યક્ત કરતાં કોંગ્રેસના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યુ છે કે સગવડતાના નામે પૈસા ઉઘરાવવાનું સેન્ટર મનપા બની જવા પામેલ છે દે દુઃખદ છે. પ્રજાના આનંદ પર પણ આર્થિક ભારણ લાદવાનો આ પ્રયાસ યોગ્ય નથી.

તેમણે આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે ગાંધીનગર મહાનગરપાલિકામાં તા. ૬-૪-૧૮ના રોજ મળેલ સ્થાયી સમિતિમાં શાસકપક્ષ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકના જાહેર બગીચાઓની સારસંભાળ થાય તે માટે તેને ખાનગી કંપનીને સોંપીને જાહેર બગીચાઓમાં પ્રવેશ ફી રાખવાનો કારસો ઘડી કાઢવામાં આવ્યો છે, ગાંધીનગરની પ્રજા પર હાલમાં પ્રોપર્ટી ટેક્ષ, સફાઈવેરો, ડોર ટુ ડોર કલેક્શન ચાર્જનું ભારણ અગાઉથી નાખવામાં આવ્યું છે અને આ પ્રજાના પૈસા દ્વારા જ વિકાસના કામો કરવામાં આવી રહ્યા છે, પરંતુ મનપાના સત્તાધીશોએ મનપાને ફક્ત અને ફક્ત જનતાની સગવડતાના નામે જનતા પાસેથી પૈસા ઉઘરાવવાનું એક મોટુ સેન્ટર બનાવી દીધુ છે. સામાન્ય રીતે જાહેર બગીચાઓમાં ગરીબ તેમજ મધ્યમવર્ગના જ લોકો જતા હોય છે, ખાસ કરીને પ્રાથમિક શાળાના બાળકો સ્કૂલમાંથી પર્યટનના ભાગરૂપે ત્યાં જતા હોય છે, તો આવા જાહેર બગીચાઓમાં કોઈ પણ જાતની પ્રવેશ ફી ના હોવી જોઈએ, મનપાના શાસકપક્ષનું ગાંધીનગરના પ્રજાજનો માટે 'તમે જીવન જીવો મફત, પરંતુ શ્વાસ લેવાના પૈસા ચૂકવો' તેવી નીતિનું શાસન ચાલી રહ્યું છે, જો ભવિષ્યમાં સારસંભાળના બહાને જાહેર બગીચાઓમાં પ્રવેશ ફી રાખવામાં આવશે તો તેનો કોંગ્રેસ પક્ષ દ્વારા જાહેર જનતાની સાથે રહીને ઉગ્ર વિરોધ કરવામાં આવશે.

## પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



**વાઘેલા મહિપતસિંહ છત્રસિંહ**
(પેથાપુર)
સ્વ. તા. ૮/૪/૨૦૧૭

આંખો હંમેશા નિહાળે છે તમોને, અંતર હંમેશા પોકારે છે તમોને, સ્મરણ તમારું થાય છે. મન મૂકીને રડાવે છે અમોને, આપની મીઠી સુવાસ સદા અમારા હૈયે રહેશે.

ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના....

લિ.
વાઘેલા બાલુસિંહ છત્રસિંહ
વાઘેલા મુકેશસિંહ મહિપતસિંહ
વાઘેલા રાજેન્દ્રસિંહ મહિપતસિંહ
વાઘેલા દિપકસિંહ બાલુસિંહ


**જાહેરાત**



**શ્રી ઉમિયા માતાજીનો ૧૫મો પાટોત્સવ**

કડવા પાટીદારોની કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ગાંધીનગરનો ૧૫મો પાટોત્સવ વૈશાખ સુદ-૧૪ને રવિવાર, તા. ૨૯/૪/૨૦૧૮ના શુભ દિને નિર્ધારિલ હોઈ સમાજના સૌ પરિવારોને ભોજનપાસ તારીખ : ૨૦/૪/૨૦૧૮ સુધી કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી. દાતાશ્રી - ટ્રસ્ટીશ્રીઓને પત્રિકા સાથે બે ભોજનપાસ મુકવામા આવેલ છે. વધુ આવશ્યક હોય તો કાર્યાલયમાંથી મેળવી લેશો.

સંસ્થા દ્વારા સંચાલિત GPSCના વર્ગોની નવી બેટ શરૂ થઈ ગઈ છે. એડમીશન મેળવી લેવા વિનંતી. સમાજના ઉમેદવારો યોગ્ય જીવનસાથી પસંદ કરી શકે તે માટે આપના પુત્ર-પુત્રીનો બાયોડેટા આપી નોંધણી કેન્દ્રમાં રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી છે.

ઉમા સમાજ ભવન શાતે ગાંધીનગર અર્બન બેંક - જાયન્ટ ગ્રુપ - કડવા પાટીદાસ સમાજના ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ પાટોત્સવ પ્રસંગે રાખેલ હોઈ વધુમાં વધુ સહયોગ આપવા અપીલ કરવામાં આવે છે.

'રક્તદાન ઉત્તમ દાન'

ભરતભાઈ બી. પટેલ — પ્રમુખ
ભોળાભાઈ આઈ. પટેલ — મહામંત્રી

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




Following are the rates for summer camp - 30 days, starting from 1st May 2018 :-

1. Swimming:- Rs 2000/ + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm

2. GYM :- Rs 1500 + 18% GST
Age : 10 years to 16 years
Evening:- 5:30 pm – 7:00 pm

3. Lawn Tennis:- Rs 1500 + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm

4. Cricket:- Rs 1500 + 18% GST
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm

* Limited Batches
* Flexible Timing

If any parents/guardian would like to continue with the activities after the summer Camp, then they need to buy the membership of the club.

TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES

CALL : +91 99099 06372
Infocity Club & Resort, CH-0 Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382 009.
www.infocityclub.net

" SAY NO TO TOBACCO "
* Terms & Conditions Apply

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com